## ફોજદારી કેસ નંબર:– ૩૫૦૮/૨૦૨૧ ના આંક–૧ લગત હુકમ

(૧) વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, યોગ્ય હુકમ કરવા રજુઆત કરે છે અને જો બાધ નડતો હોય તો સરકાર પક્ષે ફરી કાયદેસર કાર્યવાહી કરવા માંગે છે તેમજ સખત વાંધો લીધેલ છે, તેમ એ.પી.પી.રજુઆત કરે છે. હાલનું ચાર્જશીટ જોવામાં આવે તો આરોપી સામે ઈ.પી.કો. કલમ–૧૮૮ નું ચાર્જશીટ કરવામાં આવેલ છે અને તેના અનુસંધાને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૫ (૧)(એ)(આઈ) જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, 195.Prosecution for contempt of lawful authority of public servant, for offenses against public justice and for offenses relating to documents given in evidence. 1) no court shall take cognizance (a) (I) of any offense punishable under sections 172 to 188 (both inclusive) of the indian penal code, or (ii) of any abatement of, or attempt to commit, such offense, or (iii) of any criminal conspiracy to commit such offense, except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;

(૨) આ ઉપરોકત જોગવાઈને નજર સમક્ષ રાખવામાં આવે અને નામદાર સુપ્રિમ કોર્ટના AIR 2010 SUPREME COURT 3718''C.Muniappan v. state of Tamilnadu'' criminal Appeal Nos.127130 of 2008, with cri. A. Nos.16321634 of 2010 (arising out of S.L.P. (cri) Nos. 14821484 of 2008), D/30 8 2010.C. Muniappan and ors. v. state of T. N. with D.K.Rajendran and ors. etc. v. state of T. N. ના ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંત જોઈએ તો તેમાં જણાવેલ છે કે, ''27.Undoubtedly, the law does not permit taking cognizance of any offense under section 188 IPC, unless there is a complaint in writing by the competent public servant...''

આ ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતાં અને હાલના કેસની હકીકત જોતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૫ (૧)(એ)(આઈ) મુજબની જોગવાઈ સંતોષાય તે રીતે અને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨ (ડી) મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી, અને તેને બદલે અત્રેની કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવે છે. આ હકીકત ધ્યાને લેતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૫ (૧ )(એ)(આઈ) નો આ કામમાં બાધ નડે છે અને આ કામમાં ચાર્જસીટ ઉપરથી કોગ્નીઝન્સ લેવાની કોર્ટને સત્તા નથી, આ હકીકત ધ્યાને લેતાં આ કામ ચાર્જસીટ ઉપરથી ચાલવાપાત્ર જણાતું નથી.

(૩) ઉપરોકત હકીકતે વધુમાં જોવામાં આવે તો આ કામમાં જાહેરનામું બહાર પાડનાર ઉપરી પોલીસ અધિકારી છે તે જોતા ફરીયાદ કરનાર અધિકારી તે નથી કે પોલીસ કમીશ્નરશ્રી જેના સર્બોડીનેટ હોય તે સીનીયર અધિકારીએ ફરીયાદ કોર્ટમાં કરેલ નથી તે જોતા નામદાર બોમ્બે હાઈકોર્ટના Emperor vs Ramchandra Narayan Shastri on 17 April, 1931 Equivalent citations:(1931)33 BOMLR 1169 ના ચુકાદામાં જણાવેલ છે કે, ''It appears that no complaint in writing was made by the Sub-divisional Magistrate or any officer superior to him with regard to the offense alleged to be committed under section 188, Indian penal code, as required by section 195 of the criminal Procedure code.'' ના ચુકાદા સાથે વંચાણે લેતાં ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૧૯૫ (૧)(એ)(આઈ) જોતા તેની જોગવાઈનો ભંગ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તે આ કામમાં આરોપીઓને છોડી મુકવાનો ન્યાયી જણાય છે અને સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના 1999 CRI .L.J.1244 ''Ramji Bhikha Koli v. state of Gujarat'' ના ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતાં અને તેમાં જણાવેલ છે તે પણ જોઈએ તો ''However, it is clarified that, it

shall be open to the prosecution to file fresh proceedings against present petitioners by following procedure prescribed by Law.'' આ ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ તે રીતે  નવેસરથી કાર્યવાહી પણ કરી શકે છે. સાથે ગુજરાત સરકારના (કાયદો અને વ્યવસ્થા), ગુ.રા., ગાંધીનગર ડીપાર્ટમેન્ટ ધ્વારા બહાર પાડેલ જાહેરનામું ક્રમાંક જી–૧/એસસીઆર/વિ.સ.ચુંટણી/૭૨/૨૦૧૭ વંચાણે લીધું. આ હકીકત નજર સમક્ષ રાખતા આ હુકમની એક ખરી નકલ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ, પાટણનાઓને નામદાર ચીફ જયુ.મેજી.  સાહેબશ્રી, પાટણ મારફત મોકલવી ન્યાયી જણાય છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

આ કામમાં આરોપી સામેના આ પ્રોસીડીંગ્સ ડ્રોપ કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, પ્રોસીકયુશન ક્રિમીનલ પ્રોસીઝર કોડની સબંધીત જોગવાઈનું પાલન કરીને આરોપી સામે નવેસર થી કાર્યવાહી કરી શકશે. આ હુકમની એક ખરી નકલ એસ.પી.શ્રી, પાટણનાઓને નામદાર ચીફ જયુ.મેજી.સાહેબશ્રી, પાટણ મારફત મોકલવી.

હુકમ આજરોજ તા.**૧૦,** માહે.**જુલાઈ,** સને.**૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
મુ.પાટણ.

**(પ્રિયંકા લાલ)**
એડી. જયુડી.મેજી.ફ.ક.,પાટણ.
જજ કોડ નં.જીજે–૦૧૪૦૭

સ્પેશ્યલ સીટીંગ